## મિત્રતાના નામે દગો, બારડોલીમાં કાર હડપ કરી જનાર 3 સામે ફરિયાદ

બારડોલીઃ બારડોલીના ગાંધી રોડ વિસ્તારમાં વિશ્વાસઘાત અને છેતરપિંડીની એક ઘટના સામે આવી છે. કડોદ ગામના માહ્યાવંશી મહોલ્લામાં રહેતા અને ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા હિતેશભાઈ મહેશભાઈ કંથારિયાએ પોતાની સાથે થયેલી છેતરપિંડી અંગે બારડોલી ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

હિતેશભાઈએ ગત ૧૬ ડિસેમ્બર-૨૦૨૫ના રોજ તેમના મિત્ર યોગેશભાઈ ડાહ્યાભાઈ ચૌધરી (રહે.,બાલ્દા, તા.બારડોલી)ના કહેવા પર પોતાની સફેદ કલરની ફોક્સવેગન કાર નં.(GJ-6-FK-6227) આપી હતી. યોગેશે તેની પત્નીના ઓપરેશન બાદ તેને હોસ્પિટલથી ઘરે લઈ જવાના બહાને કાર માંગી હતી. જો કે, કામ પતી ગયા બાદ પણ યોગેશે કાર પરત કરવાને બદલે ગલ્લાતલ્લા શરૂ કર્યા હતા. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે, યોગેશે આ કાર વ્યારાના મયૂર પાટીલ અને લક્ષ્મણ ભોઈ નામની વ્યક્તિઓને ગીરે આપી દીધી હતી. હિતેશભાઈએ આ ત્રણેયનો સંપર્ક કરી પોતાની ૧,૫૦,૦૦૦ની કિંમતની કાર પરત માંગી હોવા છતાં આરોપીઓએ કાર આપવાનો ઈનકાર કર્યો હતો. આખરે કંટાળીને ફરિયાદીએ ૩૧ માર્ચ-૨૦૨૬ના રોજ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે યોગેશ ચૌધરી, મયૂર પાટીલ અને લક્ષ્મણ ભોઈ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ હેડ કોન્સ્ટેબલ મહેન્દ્રસિંહ જસવંતસિંહ સરવૈયા કરી રહ્યા છે.

## ભરૂચ જિલ્લામાં વીજ ટ્રાન્સમિશન લાઈન માટે જમીન સંપાદન સામે વિરોધ

**યોગ્ય** વળતર આપ્યા વિના ખેતીની જમીનમાં જબરદસ્તી પ્રવેશ કરાતો હોવાની રજૂઆત


પ્રવીણ તેરૈયા

અંકલેશ્વરઃ અંકલેશ્વર, હાંસોટ સહિત જિલ્લાના અનેક તાલુકાઓમાં વીજ ટ્રાન્સમિશન લાઈનોના પ્રોજેક્ટને લઈને ખેડૂતોમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે. પાવર ગ્રીડ કંપની દ્વારા ટ્રાન્સમિશન લાઈન ઊભી કરવા માટે ખેડૂતોની ખેતીની જમીનમાં પ્રવેશ કરવામાં આવી રહ્યો હોવા છતાં યોગ્ય વળતર આપવામાં આવતું નથી એવો ગંભીર આક્ષેપ ખેડૂતો દ્વારા કરવામાં આવ્યો છે.

અસરગ્રસ્ત ગામોના ખેડૂતો દ્વારા જિલ્લા પ્રશાસન સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. ખેડૂતોનું કહેવું છે કે જિલ્લા પ્રશાસન આ પ્રોજેક્ટને રાષ્ટ્રીય અને જાહેર હિતનો ગણાવી કામગીરી અટકાવી શકાય નહીં એવો જવાબ આપી રહ્યું છે. જોકે ખેડૂતોનું માનવુ છે કે તેઓ વિકાસના વિરોધી નથી, પરંતુ જાહેર હિતના નામે ફક્ત ખેડૂતો પર જ આર્થિક ભાર મૂકવામાં આવી રહ્યો છે.

ખેડૂતોના જણાવ્યા મુજબ જમીન માટે અંદાજે માત્ર 10 ટકા જેટલું અથવા ખૂબ ઓછું વળતર સ્વીકારવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. આ પ્રોજેક્ટ સંપૂર્ણપણે કોમર્શિયલ સ્વરૂપનો છે અને કંપની ટ્રાન્સમિશન લાઈન મારફતે ટેરિફ વસૂલ કરી નફો કમાવાની છે.

તેથી બજાર દર મુજબ સંપૂર્ણ વળતર આપવું જોઈએ. ખેડૂતોએ ચેતવણી આપી છે કે જો આગામી દિવસોમાં યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો રાજ્યવ્યાપી આંદોલન શરૂ કરવામાં આવશે અને તેની સંપૂર્ણ જવાબદારી પ્રશાસન તથા કંપની પર રહેશે.



## બજેટ 5Gનું અને વિતરણ 4Gનું: ભરૂચના દિવ્યાંગો ખફા

**૨૦ હજારના** બજેટ સામે સસ્તા ફોન આપ્યાનો ગંભીર આક્ષેપ

**સમાજ** સુરક્ષાના અધિકારીને રજૂઆત

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં દિવ્યાંગ સહાય યોજના હેઠળ આપવામાં આવેલા મોબાઈલ ફોન અંગે અસંતોષ વ્યક્ત કરી દિવ્યાંગ અંધ અરજદારોએ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને લેખિત રજૂઆત કરી સરકાર દ્વારા આપવામાં આવેલા 4G મોબાઈલ ફોન સ્વીકારવાનો ઈનકાર કર્યો છે. તો બીજી તરફ સમાજ સુરક્ષાના અધિકારીએ તેઓની રજૂઆત ધ્યાને લઈ આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અંધજનોએ જિલ્લા સુરક્ષા અધિકારીને પાઠવેલ આવેદનપત્રમાં કહેવામાં આવ્યું છે કે તેમને આપવામાં આવેલા 4G ફોન ટેક્નિકલ રીતે નબળા છે અને “TalkBack” જેવી સુવિધાઓ વાપરતા ફોન ધીમો પડી જાય છે. જેના કારણે દિવ્યાંગ લોકો માટે ઉપયોગ મુશ્કેલ બની જાય છે. સાથે જ તેમણે જણાવ્યું છે કે, સરકાર દ્વારા પ્રતિ સાધન રૂ.20,000 સુધીનું બજેટ ફાળવવામાં આવ્યું છે,પરંતુ તે મુજબના આધુનિક 5G સ્માર્ટફોન આપવાના બદલે નીચી ગુણવત્તાના 4G ફોન આપવામાં આવ્યા છે. જેનાથી બજેટ અને વાસ્તવિક ખર્ચ વચ્ચે ગેરસમજ ઊભી થઈ છે. અરજદારો દ્વારા માંગ કરવામાં આવી છે કે યોગ્ય તપાસ કરીને આ મોબાઈલ પરત લઈ ગુણવત્તાસભર 5G મોબાઈલ ફોન આપવામાં આવે અને આ યોજના હેઠળ થયેલી ગેરરીતિની તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવી છે. આ બાબતે જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે અરજદારોની માંગ અને રજૂઆત વડી કચેરી ખાતે મોકલી આપવામાં આવી છે અને આ મુદ્દે વહેલી તકે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

## સાંકરી મંદિરના ઉતારા રૂમમાં સારોલીના યુવકનો આપઘાત

**પરિવાર** ફોન પર ‘હાર્દિકને રોકી રાખજો’ કહેતો રહ્યો, પણ અંદર યુવકે ફાંસો ખાઈ લીધો હતો



બારડોલીઃ બારડોલીના સાંકરી સ્વામિનારાયણ મંદિરના ઉતારા માટેના બ્રહ્મ હોલના રૂમમાં સુરતના 33 વર્ષીય યુવકે ફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં ચકચાર મચી ગઈ હતી. આ બનાવમાં પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બારડોલીના સાંકરી ગામે આવેલા સ્વામીનારાયણ મંદિરમાં ગત 29મી માર્ચના રોજ સુરતના સારોલી ગામે નેચરવેલી હોમ્સ ખાતે રહેતા હાર્દિક હિતેનભાઇ પાઉએ બ્રહ્મ હોલના ઉતારામાં રૂમ બુક કરાવ્યો હતો. આથી તે અહીં આવ્યો હતો. આ યુવક રૂમમાં ગયા બાદ બહાર નીકળ્યો ન હતો. રૂમનું એ.સી. સતત ચાલુ હોવાથી 31મીના રોજ સવારે ઉતારા રૂમની દેખરેખ રાખતાં કર્મચારીને શંકા ગઈ હતી અને તેણે રૂમ બુક કરાવતી વખતે લખાવેલા મોબાઇલ નંબર પર ફોન કર્યો હતો.

જે ફોન તેની ઉપાડ્યો હતો. ત્યારે જાણવા મળ્યું હતું કે, યુવક ઘરેથી ક્યાંક નીકળી ગયો હતો અને પરિવારજનો તેની શોધખોળ કરી રહ્યા હતા. સામેથી હાર્દિક નામના આ યુવકને ત્યાં જ રોકી રાખવા પરિવારજનોએ કર્મચારીને જણાવ્યું હતું. જો કે, દરવાજો અંદરથી લોક હતો. પરિવારજનો અને પોલીસે આવીને દરવાજાનું લોક તોડી તપાસ કરતાં હાર્દિક છત પરના હૂક સાથે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો.

ઘટના અંગે બારડોલી ટાઉન પોલીસે તાત્કાલિક મૃતદેહનો કબજા મેળવી તેને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો હતો. જો કે, યુવકે કયાં કારણોસર આત્મહત્યા કરી તે અંગે જાણી શકાયું નથી. પોલીસે પરિવારજનોનાં નિવેદનોના આધારે તપાસ હાથ ધરી છે.

## નર્મદા પરિક્રમા કરી રહેલા શખ્સનો બાઈક ચાલક પર ત્રિશૂળથી હુમલો

**વિડીયો** વાઈરલ, હુમલાખોર બાઇક લઈ ભાગી છૂટ્યો

**12 કિમી** દૂર અકસ્માત નડતાં હુમલાખોર ઝડપાઈ ગયો

**પ્રાથમિક** તપાસમાં શખ્સ માનસિક અસ્વસ્થ હોવાનું જણાયું



ભરૂચઃ હાંસોટમાં બુધવારે એક ચોંકાવનારી ઘટના બની હતી. નર્મદા પરિક્રમા કરી રહેલા એક વ્યક્તિએ રસ્તા પરથી પસાર થતા નિર્દોષ બાઈક ચાલક પર અચાનક ત્રિશૂળ વડે હુમલો કરતાં બાઈક ચાલક લોહીલુહાણ થઈ ગયો હતો. જ્યારે હુમલાખોર ઈજાગ્રસ્તની બાઈક લઈ ફરાર થઈ ગયો હતો. આ બનાવનો વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

હાંસોટમાં એક બાઈક ચાલક સુનીલભાઈ મિસ્ત્રી ધીમી ગતિએ જઈ રહ્યો હતો. ત્યાં અચાનક જ નર્મદા પરિક્રમાવાસી વ્યક્તિએ રોડ ક્રોસ કરી બાઈક ચાલક પર ત્રિશૂળથી હુમલો કરી દીધો હતો. ચાલક કંઈ સમજે એ પહેલાં તેને ગંભીર ઈજા પહોંચાડી દેવામાં આવી હતી. હુમલો એટલો જોરદાર હતો કે બાઈક ચાલક રોડ સાઈડે પડી ગયા હતા. આ ઘટના બાદ હુમલાખોરે ઉપરાછાપરી ઘા ઝીંકતા રહ્યો હતો. બચવા માટે ચાલકે સંઘર્ષ કર્યો, પરંતુ હુમલાખોર તેના પર હુમલો કરતો રહ્યો હતો. દરમિયાન હુમલાખોર ઈજાગ્રસ્તની બાઈક લઈ સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

આ ઘટના દૂર એક ઊભેલી રિક્ષાનો ચાલક જોઈ રહ્યો છે. થોડીવારમાં એક શખ્સ દંડો લઈ બચાવવા દોડી આવ્યો હતો. હુમલાખોર પાગલપણાનો ડોળ કરતો હોય એમ વિડીયોમાં જોવા મળે છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. હુમલાખોર ઈજાગ્રસ્તની બાઈક લઈને ભાગી ગયો હતો. જો કે, આરોપી લગભગ 12 કિલોમીટર દૂર સાહોલ ગામ નજીક બાઈક અથડાતાં ઈજાગ્રસ્ત થયો હતો. પોલીસે ત્યાંથી તેને ઝડપી પાડી સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

પોલીસની પ્રાથમિક તપાસમાં આરોપી નર્મદા પરિક્રમાવાસી છે અને માનસિક રીતે અસ્વસ્થ હોવાનું સામે આવ્યું છે. હુમલા પાછળનો કોઈ ચોક્કસ હેતુ હજુ સ્પષ્ટ થયો નથી. ઘાયલ બાઈક ચાલકને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડાયો છે. આ લખાય છે ત્યાં સુધીમાં ગુનો નોંધવામાં આવ્યો નથી અને વાઈરલ વિડીયોના આધારે પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી તેજ કરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### અંકલેશ્વરના પાનોલી પાસે ટેમ્પો પલટ્યો

અંકલેશ્વરઃ અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે-48 પર પાનોલી પાસે પી.આઈ. કંપની નજીક મટિરિયલ ભરેલો ટેમ્પો પલટી જતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. અકસ્માતમાં ચાલકનો આબાદ બચાવ થયો હતો. ટેમ્પો મટિરિયલ ભરી હાઈવે પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે અચાનક ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતાં વાહન રોડની વચ્ચે પલટી મારી ગયું હતું. અકસ્માત બાદ મટિરિયલ માર્ગ પર વેરાઈ જતાં વાહનવ્યવહાર ખોરવાયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો સ્થળ પર એકત્ર થયા હતા. હાઈવેની એક સાઈડ બંધ થતાં વાહનોની લાંબી કતારો લાગી હતી. જેની જાણ થતાં અંકલેશ્વરનો પોલીસ કાફલો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યો હતો. પોલીસે ક્રેનની મદદથી પલટી ગયેલા ટેમ્પોને રસ્તા પરથી હટાવી બાજુએ ખસેડ્યો હતો અને માર્ગ પર ટ્રાફિક પુનઃ શરૂ કરાયો હતો.

### ધામોદલામાં ગૌમાંસના ગુનામાં 4 આરોપી ઝડપાયા



વાલોડઃ ગત તા.3 ફેબ્રુઆરીએ વાલોડના ધામોદલામાં ધામોદલાથી ડુંગર ગામ તરફ જતાં રોડ ઉપરથી પસાર થતી એક બોલેરો પિકઅપ ગાડી નં.(એમ.એચ-21-બી.એચ-2329)માંથી 2690 કિલોગ્રામ ગૌમાંસનો જથ્થો મળી આવ્યો હતો. આ સમયે આરોપીઓ ગાડી મૂકી ફરાર થઈ ગયા હતા. જે અંગે વાલોડ પોલીસ સ્ટેશનના પી.આઈ એમ.એમ.ગિલાતરે આરોપીઓને પકડવાનાં ચક્રો ગતિમાન કર્યાં હતાં. આ ગુનામાં ચાર આરોપીને દબોચી જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા. તેમજ નામદાર કોર્ટમાં રજૂ કરી આ ચારેય આરોપીઓનાં રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરી છે. પકડાયેલા આરોપીઓમાં ડેવિડ ઉર્ફે દેવળ સખારામ ગામીત (રહે., અગાસવાણ ગામ, આંબા ફળિયું, તા.સોનગઢ), સૈયદ ઉર્ફે સાહિલ દાઉદ ગામીત (રહે., વાઘપાણી ગામ, ઉપલું ફળિયું, તા.વ્યારા), હનીફ ઉર્ફે તૌસીફ રફીક સૈયદ (રહે., બી.21, મીઠી ખાડી, બેઠી કોલોની, લિંબાયત, સુરત) અને સફિક રફીક સૈયદ (રહે., બી.21, મીઠી ખાડી)નો સમાવેશ થાય છે. પકડાયેલા આરોપીઓ પૈકી સફિક રફીક સૈયદ વિરુદ્ધ અગાઉ સુરત શહેર અને ગ્રામ્યમાં કુલ 6 જેટલા ગંભીર ગુના નોંધાઈ ચૂક્યા છે. જેમાં પશુ સંરક્ષણ અને પાસા હેઠળની કાર્યવાહીનો પણ સમાવેશ થાય છે. જ્યારે હનીફ ઉર્ફે તૌસીફ રફીક સૈયદ વિરુદ્ધ પણ પૂણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાઈ ચૂક્યો છે.

### કઠોર વિભાગ નાગરિક બચત અને ધિરાણ સહકારી મંડળીના પ્રમુખ વરાયા

કામરેજ:કઠોર ગામ ખાતે 3800 જેટલા સભાસદો ધરાવતી કઠોર વિભાગ નાગરિક બચત અને ધિરાણ સહકારી મંડળીની ચૂંટણી બાદ વર્તમાન પ્રમુખ પંકજ પટેલની ઊગતા સૂર્યની પેનલના ચાર કમિટી સભ્યો બિનહરીફ, જ્યારે 11 કમિટી સભ્યો ચુંટાઈને આવ્યા હતા. બુધવારે સવારે 11 કલાકે વ્યવસ્થાપક સમિતિની કારોબારી સભા મંડળીના સભાખંડમાં મળી હતી, જેમાં પ્રમુખ પદ માટે વર્તમાન પ્રમુખ પકંજ હિરાલાલ પટેલ અને ભગવાન ભોકળવાએ પ્રમુખ તરીકેની દાવેદારી કરવામાં આવી હતી. ચુંટાયેલા 21 કમિટી સભ્યો પૈકી એક સભ્ય ગેરહાજર રહ્યો હતો, જેમાં 20 કમિટી સભ્યો દ્વારા મતદાન થતાં 14 મત પંકજ પટેલને મળતાં પ્રમુખ તરીકે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. સાથે સાથે માનદ મંત્રી તરીકે એડ્વોકેટ એવા હિમાંશુ કાંતિલાલ સુરતી (ખોલવડ), ઉપપ્રમુખ તરીકે ભરતભાઈ ભીખુભાઈ પટેલ(કઠોર) અને સહમંત્રી તરીકે પરેશકુમાર સોમેશ્વર ત્રિવેદી (કઠોર)ની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

## ભરૂચ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે ભાજપની પસંદગી પ્રક્રિયા શરૂ

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ માટે ભાજપ દ્વારા ઉમેદવારોની પસંદગી પ્રક્રિયાનો પ્રારંભ થયો હતો. જે અંતર્ગત ભરૂચ જિલ્લામાં બે જુદાં જુદાં સ્થળોએ નિરીક્ષકોએ દાવેદારોને સાંભળ્યા હતા. ભરૂચ શહેરના સ્ટેશન રોડ પર આવેલી એક હોટેલ ખાતે પ્રથમ તબક્કાની સેન્સ પ્રક્રિયા યોજાઈ હતી. દરમિયાન ભરૂચ તાલુકા, જંબુસર પાલિકા, જંબુસર તાલુકા પંચાયત, આમોદ નગર પાલિકા, આમોદ તાલુકા તેમજ વાગરા તાલુકાના ઉમેદવારી ઈચ્છુકો માટે સેન્સ લેવામાં આવી હતી. આ કામગીરી માટે પ્રદેશ સંગઠન દ્વારા નિમાયેલા નિરીક્ષકોમાં પૂર્વ પ્રદેશ મહામંત્રી ડો.જીવરાજ ચૌહાણ, પ્રદેશ આઈટી સેલના પ્રમુખ નિખિલ પટેલ અને પ્રદેશ કારોબારી સભ્ય પ્રતિમા પરમારનો સમાવેશ થતો હતો. સાંજના સમયમાં ભરૂચ નગરપાલિકાની ચૂંટણી માટે ઈચ્છુક ઉમેદવારોની અલગ સેન્સ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી.

## રાજપીપળા સરકીટ હાઉસમાં AAPની પ્રેસ કોન્ફરન્સ પોલીસે અટકાવી!

**સરકીટ** હાઉસ મેનેજર અને ધારાસભ્ય વચ્ચે શાબ્દિક યુદ્ધ


દીપલ સોની

રાજપીપળાઃ બુધવારે રાજપીપળા ખાતે સરકીટ હાઉસમાં આમ આદમી પાર્ટીની પત્રકાર પરિષદ પોલીસે અટકાવતાં બબાલ થઈ હતી. સ્થાનિક સ્વરાજની ચૂંટણીના ગુજરાતના 34 ઉમેદવાર પર ખોટા કેસ કરવા મામલે પત્રકાર પરિષદ રાજપીપળા સરકીટ હાઉસ ખાતે યોજી હતી, જેમાં પત્રકાર પરિષદ યોજવા બાબતે ધારાસભ્ય ચૈતર વસાવા મેનેજર અને પોલીસ અધિકારીઓ સાથે ઘર્ષણ સર્જાયું હતું.

ધારાસભ્ય ચૈત્ર વસાવાની પત્રકાર પરિષદ નહીં યોજવા બાબતે ઉગ્ર બોલાચાલી અધિકારીઓ અને પોલીસ સાથે થઈ હતી. સરકીટ હાઉસના મેનેજરે પત્રકાર પરિષદ ન યોજવા બાબતે સૂચના આપી હતી. જે કાર્યપાલક ઈજનેર સતીશ મોદીનો આદેશ હોવાનું જણાવ્યું હતું. જેની સામે ધારાસભ્યએ હજી જાહેરનામું બહાર પડ્યું નથી એમ જણાવ્યું હતું. પત્ર માંગતાં જોકે નાયબ પોલીસવડાએ કાર્યપાલક ઈજનેર પાસેથી પત્ર મંગાવ્યો હતો. સ્થાનિક સ્વરાજની ચૂંટણી આવી રહી છે ત્યારે અમારી સાથે ઘર્ષણ થાય એવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે એવો આક્ષેપ ધારાસભ્યએ લગાવ્યો હતો. અમે ઘર્ષણમાં ઉતારવા માંગતા નથી એટલે સ્થળ બદલી નાખ્યું હોવાનું જણાવી ધારાસભ્ય ચૈતર વસાવાએ સરકીટ હાઉસનું સ્થળ છોડીને ખાનગી માલિકીના અન્ય સ્થળ ઉપર પત્રકાર પરિષદ બોલાવી હતી. આ પત્રકાર પરિષદમાં ધારાસભ્ય કાર્યપાલક ઈજનેર પર ગંભીર આક્ષેપો લગાવ્યા હતા અને જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં કલેક્ટર અને કાર્યપાલક ઈજનેર સામે એનો જવાબ માંગીશું. કાર્યપાલક ઈજનેર સતીશ મોદીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કાર્યક્રમમાં આદિવાસીના બજેટમાંથી 54 કરોડનો ખર્ચો કર્યો એ બાબતે અધિકારીને કોર્ટમાં લઈ જવાની ચીમકી આપતાં મામલો ગરમાયો હતો.



પ્રદીપ ગુર્જર

## નેત્રંગમાં એક જ રાતમાં ત્રણ દુકાનનાં તાળાં તૂટ્યાં

**લાખોની** રોકડ સાથે CCTVનું DVR પણ ચોરાયું

નેત્રંગઃ નેત્રંગ નગરના મોવી રોડ પર આવેલ ચાર રસ્તા વિસ્તારમાં ગત રાત્રિએ તસ્કરોએ તરખાટ મચાવ્યો હતો. દર્શનાનગર સોસાયટી પાસે આવેલા એક શોપિંગ સેન્ટરની સળંગ ત્રણ દુકાનોને નિશાન બનાવી તસ્કરો અંદાજે ૧.૨૫ લાખથી વધુની રોકડ રકમ ચોરી કરી ફરાર થઈગયા હતા. તસ્કરોએ શોપિંગ સેન્ટરમાં આવેલી (૧) સાગર ઓટો પાટ્ર્સ, (૨) શિવમ સેલ્સ અને (૩) શાહ એન્ટરપ્રાઈઝ નામની દુકાનોમાં અગાશીના માર્ગેથી પ્રવેશ કર્યો હતો. દાદરના ભાગે બનાવેલી કેબિનમાં તોડફોડ કરી તસ્કરો અંદર ઘૂસ્યા હતા. સાગર ઓટો પાટ્ર્સના માલિક સાહિલભાઈ રાઠોડના જણાવ્યા અનુસાર તસ્કરોએ દુકાનમાંથી ૧.૧૦ લાખની રોકડની ચોરી કરી હતી. એટલું જ નહીં, પકડાઈ જવાની બીકે તસ્કરોએ સીસીટીવી કેમેરા તોડી નાંખ્યા હતા અને પુરાવાનો નાશ કરવા માટે ડીવીઆર પણ સાથે લઈ ગયા હતા.

આ ઉપરાંત, શિવમ સેલ્સમાંથી ૪થી ૫ હજાર અને શાહ એન્ટરપ્રાઈઝમાંથી અંદાજે ૧૦ હજારની રોકડ રકમની ચોરી થઈ હોવાનું વેપારીઓએ જણાવ્યું છે. ચોરીની આ પદ્ધતિ જોતા તસ્કરો માત્ર રોકડ રકમને જ નિશાન બનાવી રહ્યા હોય તેવું જણાય છે. સવારે દુકાનો ખોલતા ચોરીની જાણ થતા જ નેત્રંગ પોલીસને જાણ કરવામાં આવી હતી. પીઆઈ આર.સી.વસાવા સહિતના કાફલાએ ઘટના સ્થળે પહોંચી તપાસનાં ચક્રો ગતિમાન કર્યાં છે. વેપારી મંડળમાં આ ઘટનાને પગલે ભય સાથે રોષની લાગણી જોવા મળી રહી છે. હાલ પોલીસ દ્વારા આસપાસનાં અન્ય સીસીટીવી ફૂટેજ ચકાસવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

## પાલોદની રંગોલી ફેક્ટરીમાં આગ લાગતાં નાસભાગ મચી

**ફાઇટરો** અને પોલીસે ઘટના સ્થળે પહોંચી આગ ઉપર કાબૂ મેળવવા કવાયત શરૂ કરી


ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ પાલોદ જીઆઈડીસીમાં પોલીસ સ્ટેશનના પાછળના વિસ્તારમાં કીમ રોડ નજીક જીએમ પ્લાસ્ટિકની ગલીમાં આવેલી રંગોલી ટેક્સટાઈલ નામની ફેક્ટરીમાં મોડી સાંજે અગમ્ય કારણસર આગ લાગી હતી. પલકવારમાં બેકાબૂ બનેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં પ્રજાના અવરજવરવાળા વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી. આ ઘટના બાબતે જાણ કરવામાં આવતાં પાલોદ પોલીસ અને ફાઈટરો ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લેવા પ્રયાસો હાથ ધર્યા છે. આગ કયાં કારણોસર લાગી અને કેટલું નુકસાન થયું એ તાત્કાલિક જાણી શકાયું નથી. આગ લાગતા ફેક્ટરીમાં કામ કરતાં કર્મચારી ગણ બહાર નીકળી જતાં કોઈ અનિચ્છનીય બનાવ બન્યો નથી.

### અંકલેશ્વરમાં ક્રિકેટ સ્પર્ધામાં શુભ ઈલેવન વિજેતા

અંકલેશ્વરઃ અંકલેશ્વરના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે આયોજિત અંકલેશ્વર પ્રીમિયર લીગ ક્રિકેટ ટુર્નામેન્ટની ફાઈનલ શુભ ઈલેવન અને સીગમા ઈલેવન વચ્ચે રમાઈ હતી. સુપર ઓવરમાં શુભ ઈલેવન જીતી હતી.

**જાહેર નોટીસ - કલ્પેશ ડી.પટેલ એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડાની કોર્ટમાં**

કેસ નં.૩૬૦/૨૦૨૬

અરજદાર : નામઃ- અનિલભાઈ ગોન્યાભાઈ પાડવી, રહેઃ- ડાબરીઆંબા તા.કુકરમુંડા જી.તાપી

વિરૂધ્ધ

સામાવાળાઃ નામઃ-રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ઈટવાઈ રહેઃ-ગ્રામ પંચાયત, ઈટવાઈ

જન્મ-મરણ અધિનિયમ-૧૯૬૯ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધ કરાવવા માટેનો હુકમ મેળવવા માટેની અરજી અન્વયે નોટીસ

આથી જાહેર જનતાને જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નંબરના કેસમાં, આરોહીબેન અનિલભાઈ પાડવીનો જન્મ તા.૧૯/૧૨/૨૦૨૦ ના રોજ મોજે.ડાબરીઆંબા તા.કુકરમુંડા જિ.તાપી ખાતે થયેલ હોવાનો અરજદારશ્રીએ એકરાર કરેલ છે.

પરંતુ તેમના જન્મની નોંધ શરતચુકથી રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ઈટવાઈ ના રેકર્ડ દફ્તરે કરવાની રહી ગયેલ છે. તે અંગેની નોંધ કરાવવા માટે રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ઈટવાઈ ને હુકમ કરવા ઉપરોક્ત કેસમાં અરજ ગુજારેલ છે. સદરહું અરજી સામે કોઈને વાંધો હોય તો આ નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં અથવા રજીસ્ટ્રારશ્રી, જન્મ-મરણ નોંધણી અને ત.ક.મંત્રીશ્રી, ગ્રામ પંચાયત, ઈટવાઈ કચેરી ગ્રામ પંચાયત, ઈટવાઈ ખાતે લેખિત વાંધાઓ રજુ કરવા, જો તેમ કરવામાં નહિ આવશે તો નામદાર કોર્ટ કાયદેસરનો યોગ્ય હુકમ કરશે.

આજ તા.૨૬/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કલ્પેશ ડી.પટેલ)
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ કુકરમુંડા જિ.તાપી

**જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી**

નં.જન્મ-મરણ/અપીલ નં.૧૩૦/૨૦૨૬
તા.૧૧/૦૩/૨૦૨૬

વાદી :- મકરાણી અબ્દુલકલીમ શેરમોહમદ, રહે.રહે.રેસ્ટ હાઉસ રોડ, સાગબારા, તા.સાગબારા, જી.નર્મદા-૩૯૩૦૫૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી મોટી દેવરૂપણ ગ્રા.પં., તા.ઉમરપાડા, જી.સુરત- ૩૯૪૪૪૫

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે જન્મની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી મકરાણી અબ્દુલકલીમ શેરમોહમદ, રહે.રહે.રેસ્ટ હાઉસ રોડ, સાગબારા, તા.સાગબારા, જી.નર્મદા-૩૯૩૦૫૦એ તેઓના ભાઈ મોહમદનઈમ શેરમોહંમદ મકરાણીનાં જન્મની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામ: મોહમદનઈમ શેરમોહંમદ મકરાણી ૨. જન્મ તારીખ: ૦૧/૦૬/૧૯૭૮ ૩. જન્મનું સ્થળ: મોજે.મોટી દેવરૂપણ, તા.ઉમરપાડા, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે મોહમદનઈમ શેરમોહંમદ મકરાણીના જન્મની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૧૩/૦૪/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૩/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત


Milano MULTIPLEX
બારડોલી
Dhurandhar
The Revenge
11:00am, 12:00pm,
01:00pm, 03:30pm,
04:30pm, 05:15pm,
08:00pm, 09:00pm,
09:30pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333